ઘટાડો : રાજ્યમાં કોરોનાના નવા ૧૩,૮૦૫ કેસ

૧૩,૪૬૯ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે, અત્યાર સુધીમાં ૯,૩૦,૯૩૮ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં રવિવારની સરખામણીએ કોરોના કેસમાં ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં આજે નવા ૧૩,૮૦૫ નવા કેસ આવ્યા છે. તો બીજી તરફ ૧૩,૪૬૯ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૯,૩૦,૯૩૮ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોના રિકવરી રેટ પણ ઘટીને ૮૬.૪૯ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્ય સરકાર કોરોના રસીકરણ મુદ્દે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧,૭૦,૨૯૦ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૩૫૧૪૮ કુલ કેસ છે. જે પૈકી ૨૮૪ વેન્ટિલેટર પર છે. ૧૩૪૮૬૪ નાગરિકો સ્ટેબલ છે. ૯,૩૦,૯૩૮ નાગરિકો અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ તઈ ચુક્યા છે. ૧૦૨૭૪ નાગરિકોનાં અત્યાર સુધીમાં મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૨૫ લોકોનાં મોત થઈ ચુક્યાં છે. ગુજરાતમાં કોરોનાના ૧૩,૮૦૫ કેસની વાત કરીએ તો આજે કેસમાં ઘટાડો નોંધાયો છે, પરંતુ મોતના આંકડો આશ્ચર્યજનક રીતે વધ્યો છે અને ૨૫ના મોત થયા છે. અમદાવાદમાં કોરોનાના ૪, ૪૪૧ કેસ નોંધાયા છે. જ્યારે સુરતમાં નવા ૧૩૭૪ કેસ, વડોદરામાં ૩૨૫૫ , રાજકોટમાં ૧૧૪૯ કેસ, ગાંધીનગરમાં ૪૭૩, ભાવનગરમાં ૩૨૨ કેસ, જામનગરમાં ૧૮૩, જૂનાગઢમાં ૮૫ કેસ, કચ્છમાં ૨૮૨, મોરબીમાં ૨૬૭, પાટણમાં ૨૪૨ કેસ, મહેસાણામાં ૨૩૧, ભરૂચમાં ૧૯૦, નવસારીમાં ૧૬૦ કેસ, બનાસકાંઠામાં ૧૫૬, આણંદમાં ૧૫૦ કેસ, વલસાડમાં ૧૪૧, સુરેન્દ્રનગરમાં ૧૧૩ કેસ, અમરેલીમાં ૧૦૯, ખેડામાં ૮૯, પંચમહાલમાં ૭૬ કેસ, નર્મદામાં ૫૭, પોરબંદરમાં ૫૨, સાબરકાંઠામાં ૪૫ કેસ, ગીર સોમનાથમાં ૪૩, દાહોદમાં ૩૯ કેસ, તાપીમાં ૧૯, છોટા ઉદેપુર અને મહિસાગરમાં ૧૭ - ૧૭, અરવલ્લીમાં ૧૪, દ્વારકામાં ૭ કેસ, બોટાદમાં ૬ અને ડાંગ ૧ કેસ નોંધાયા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૦૬, સુરત કોર્પોરેશન ૩, ભાવનગર કોર્પોરેશનમાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૩, રાજકોટ કોર્પોરેશનાં ૨, વડોદરામાં ૧, કચ્છમાં ૧, સુરત ૧, મહેસાણામાં ૧, વલસાડમાં ૧, નવસારીમાં ૧, જામનગર કોર્પોરેશનમાં ૩, પંચમહાલ ૧, ભાવનગરમાં ૧ સહિત કુલ ૨૫ લોકોનાં મોત નિપજ્યાં છે.

ગુજરાતમાં છ ફેબ્રુઆરી સુધી કોરોનાના કેસનો આંક વધશે

અમદાવાદ, તા.૨૪

કોરોનાની ત્રીજી લહેરનો ગુજરાત સહિત દેશભરમાં કહેર જોવા મળી રહ્યો છે. ત્યારે આગામી બે અઠવાડિયામાં ત્રીજી લહેરની પીક આવી શકે છે.ૈ મદ્રાસે અભ્યાસમાં દાવો કર્યો છે કે ૬ ફેબ્રુઆરી સુધી સૌથી વધુ કેસ નોંધાઈ શકે છે. જ્યારે કોઈ દ્વારા સંક્રમણ ફેલાવાનો દર એટલે કે ઇ વેલ્યૂમાં પણ ઘટાડો થઈ શકે છે. ઓમિક્રોન વેરિઅન્ટ દેશમાં કોમ્યુનિટી ટ્રાંસમિશનના સ્ટેજમાં પહોંચી ગયો છે. જેથી દેશમાં કોરોનાની ત્રીજી લહેર વચ્ચે પીક ૧૪ દિવસમાં જોવા મળી શકે છે.ૈ મદ્રાસે જણાવ્યું છે કે કોરોનાના કેસમાં ૬ ફેબ્રુઆરી સુધી એટલે કે ૨ સપ્તાહમાં પીક પર પહોંચી જશે. ત્રીજી લહેરનું મુખ્ય કારણ કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટને માનવામાં આવે છે. અભ્યાસ મુજબ ભારતમાં કોરોના સંક્રમણ ફેલાવવાનો દર બતાવનાર ઇ વેલ્યૂ ૧૪ જાન્યુઆરીથી ૨૧ જાન્યુઆરી વચ્ચે ૨.૨થી ઘટીને ૧.૫૭ થઈ ગઈ છે. એવામાં ત્રીજી લહેરની આગામી ૧૫ દિવસમાં પીક જોવા મળી શકે છે.એનાલિસિસના આધારે આ દાવો કરવામાં આવ્યો છે. પરંતુ આ એક માત્ર અંદાજ છે. જેમાં થોડો ફેરફાર પણ થઈ શકે છે. કોરોનાને ફેલાવવાનો દર ઇ વેલ્યુ રજૂ કરે છે. ઇ વેલ્યુ એ જણાવે છે કે કોરોનાથી સંક્રમિત એક વ્યક્તિ, કેટલા લોકોને સંક્રમિત કરે છે. જો ઇ વેલ્યુ ૧થી વધુ છે તો તેનો અર્થ છે કે કેસ વધી રહ્યાં છે અને જો ૧થી નીચે જોવા મળે તો મહામારીને ખતમ ગણવામાં આવે છે.

કડકડતી ઠંડીમાં પશુ-પંખીઓની હાલત કફોડી

શેરી શ્વાન અને ગાયો આશરાની શોધમાં જોવા મળ્યા : પંખીઓ છેક સવાર સુધી વૃક્ષોમાં ધબુરાયેલા જોવા મળ્યા : આકરી ઠંડીએ અબોલ જીવોની દશા કફોડી બનાવી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં આ વર્ષે રેકોર્ડ બ્રેક ઠંડી પડી રહી છે. છેક જાન્યુઆરી માસની શરૂઆતથી પડી રહેલી આકરી ઠંડીએ હજુ પીછો છોડયો નથી. દિન પ્રતિદિન જાણે ઠંડી વધી રહી છે. ગાત્રો થીજવી નાંખે તેવી આકરી ઠંડીમાં પશુ પંખીઓની હાલત ખુબ કફોડી બની છે. રખડતા પશુઓ આશરાની શોધમાંભટકતા જોવા મળ્યા હતા તો પંખીઓ પણ કયાંક લપાઈ ગયા હતા.

આ વર્ષે ઠંડીના દિવસો લંબાયા હોય તેવું લાગી રહ્યું છે. માવઠાની અસર બાદ વાદળો હટતા જ કડકડતી ઠંડી પડી રહી છે. આકરી ઠંડીએ સૌની દશા બગાડી નાંખી છે. ગાંધીનગરમાં શહેરમાં લઘુત્તમ તાપમાનનો પારો રેકર્ડ ૪ ડિગ્રીની નજીક પહોંચતા શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાઈ ગયા છે.

ઠંડીથી બચવા માટે શહેરીજનો સાંજ પડતા જ ઘરમાં ઘુસી ગયા હતા. રજાઈ કે ધાબળા ઓઢીને ઠંડીથી બચવાના પ્રયાસો સૌ કોઈ કરી રહ્યા છે. તાપણા કરીને પણ ઠંડીને દૂર ભગાવવાના ઉપાયો થઈ રહ્યા છે. મનુષ્યો તો જેમ તેમ કરીને ઠંડીથી રક્ષણ મેળવી રહ્યા છે. પરંતુ અબોલ પશુ પંખીઓની હાલત ઠંડીમાં કફોડી બની છે.

શેરીમાં રખડતા શ્વાનો આશરો શોધીને લપાઈ જાય છે. કેટલાક સેવાભાવી નાગરિકો તેમને હુંફ મળે તે મટે શણના કોથળાઓની વ્યવસ્થા કરે છે. પરંતુ બધા જ શ્વાનને તેવી હૂંફ મળતી નથી. રખડતી ગાયો પણ આશરો શોધતી નજરે ચઢી રહી છે. શહેરમાં પંખીઓનો વસવાટ પણ ખુબ છે. આકરી ઠંડીથી બચવા પંખીઓ સાંજ પડતાં જ જાણે વૃક્ષોની બખોલમાં જતાં રહે છે. પંખીઓની હલચલન સૂર્યાસ્ત પહેલાં જ બંધ થઈ જાય છે. સુર્યોદય થાય તે પછી જ પંખીઓ જોવા મળે છે. વાંદરાઓ પણ કયાંકને કયાંક આશરો શોધીને ઠંડીથી બચવાના પ્રયાસો કરી રહ્યા હોય તેવું લાગે છે.

આબુમાં તાપમાન ગગડીને માઈનસ ૪ ડીગ્રી

બે દિવસથી પડી રહેલી ઠંડીને કારણે માઉન્ટ આબુમાં જનજીવન પર અસર પડી



પાલનપુર, બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલા હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં ફરી એક વખત તાપમાન માઈનસ ચાર ડીગ્રીએ પહોંચ્યું છે, જેને પગલે પાણીના કુંડ-બગીચામાં બરફ છવાયો હતો. ગાડીઓના કાચ ઉપર બરફ છવાતાં માઈનસ તાપમાનમાં પણ સહેલાણીઓ માઉન્ટ આબુની ઠંડીની અનેરો અહેસાસ માણી રહ્યા છે. રવિવારની સાંજથી તાપમાન વધુ ઘટવા લાગ્યું હતું અને સોમવારે વહેલી સવારે માઉન્ટ આબુના અનેક વિસ્તારમાં-ગાર્ડનમાં બરફ છવાયેલો જોવા મળ્યો હતો તેમજ પાણીના કુંડા અને ગાડી ઉપર જેવી અનેક જગ્યા પર બરફ પાથરાયેલો જોવા મળ્યો હતો. સહેલાણીઓ ચારેબાજુ બરફ જોતાં મંત્રમુગ્ધ થઈ તેનો આનંદ માણી રહ્યા છે.

ગાંધીનગરના યુવાને વિદેશમાં પ્રામાણિકતા દર્શાવીને તેને "સરપ્રાઈઝ" મળી

ગાંધીનગર તા.૨૪

ગાંધીનગરના યુવાન બ્રિજરાજસિંહ ઝાલાએ વિદેશમાં પોતાની પ્રામાણિકતાનો પુરાવો આપીને દેશનું નામ રોશન કર્યું છે. બ્રિજરાજસિંહે એક વ્યકતિનું ખિસ્સામાંથી પડી ગયેલું પાકીટ પરત કર્યું હતું જેના બદલામાં તેમને એક સરપ્રાઈઝ મળી હતી.

ગાંધીનગર સેક્ટર-૪માં રહેતા બ્રિજરાજસિંહ ભીખુભા ઝાલા હાલ રોજગાર અર્થે કુએશિયા દેશમાં ગયા છે. થોડા દિવસો પહેલા, બ્રિજરાજ સિંહ બે વાગ્યે કુએશિયાની રાજધાની ઝાગ્રેબના મધ્ય વિસ્તારમાં ફરતા હતા ત્યારે બ્રિજરાજ સિંહની નજર એક વ્યક્તિ પર પડી જે મોબાઈલ ફોન પર વાત કરી રહ્યો હતો. આ દરમ્યાન તેણે ખિસ્સામાંથી હાથ કાઢ્યો અને પાકીટ પડી ગયું. તે વ્યક્તિને ખબર પણ ન પડી, તેની સાથે ફોન પર પોતાની મસ્તીમાં વાત કરી રહ્યો હતો. બ્રિજરાજ સિંહે આ બધું જોયું અને તરત જ તે વ્યક્તિને 'એક્સક્યુઝ મી મેન' કહીને બોલાવ્યો પણ તે વ્યક્તિએ અવાજ સાંભળ્યો નહીએટલે તરત જ બ્રિજરાહ સિંહે પડી ગયેલું પાકીટ ઉપાડ્યું અને અજાણ્યા વ્યક્તિને રોકીને તેનું પાકીટ પાછું આપ્યું. એ વ્યક્તિએ આભાર માન્યો અને નામ પૂછ્યું ત્યારે બ્રિજરાજ સિંહે તેનું નામ જણાવ્યું અને કહ્યું કે "આઈ એમ ફ્રોમ ગુજરાત ઈન્ડિયા" ત્યારે પેલી વ્યક્તિએ દૂર રહેલા કેમેરા દેખાડીને જણાવ્યું કે "આ એક ટીવી ચેનલનો કાર્યક્રમ છે જેમાં તેઓ પ્રમાણિકતા દર્શાવતા રેકોર્ડ થઈ ગયા છે અને તે સાથે તેમણે બ્રિજરાજસિંહને અભિનંદન આપ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બ્રિજરાજસિંહ ભારતમાં હતા ત્યારે એકવાર એક ચાઈનીઝ વ્યક્તિનું ડોલર્સ ભરેલું પાકીટ તેના ખિસ્સામાંથી પડતા તેને પરત કર્યું હતું ત્યારે પેલા ચાઈનીઝ વ્યક્તિએ તેમને પાકીટમાંથી જોઈએ એટલાં ડોલર લઈ લેવા ઓફર કરી હતી પરંતુ બ્રિજરાજસિંહે ના પાડી દેતાં તે વ્યક્તિ પ્રભાવિત થઈ હતી. આ પછી તે અજાણ્યા વ્યક્તિએ તેમને ઓળખ આપતાં કહ્યું હતું કે "મારું નામ મેજીશિયન લિયોન છે."

પોલીસ કર્મચારીઓની આરોગ્યની ચકાસણી કરાઈ



ગાંધીનગર શહેરના તમામ પોલીસ જવાનોની આરોગ્યની ચકાસણી ચાલી રહી છે. પોલીસ અધિકારી-કર્મચારીઓમાં કોલસ્ટ્રોલ, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની તપાસ કરવાની હોવાથી તમામ પોલીસ મથકના સ્ટાફના જવાનોને સવારે ભુખ્યા પેટે આવવા માટે સુચન કર્યું હતું.

બ્લેક મન્ડે : અનુસંધાન ૧ પેજનું ચાલુ

બપોરના વેપારમાં વેચવાલી તીવ્ર બની હતી કારણ કે બંને સૂચકાંકો ગંભીર મનોવૈજ્ઞાનિક સ્તરથી નીચે ગયા હતા. વેચાણ એટલું તીવ્ર હતું કે બંને બેન્ચમાર્ક સૂચકાંકો લગભગ ૩-૩ ટકા નીચે આવ્યા છે. સેન્ટિમેન્ટ એટલું નબળું હતું કે વેપારીઓએ ૧૪ જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહમાં રિઝર્વ બેંકના ફોરેક્સ રિઝર્વના ૨.૨૨ બિલિયન ડોલર વધીને ૬૩૪.૯૬ બિલિયન ડોલર્સના ડેટાની પણ અવગણના કરી હતી. એશિયાના અન્ય બજારોમાં, હોંગકોંગનો હેંગસેંગ, દક્ષિણ કોરિયાનો કોસ્પી ખોટમાં બંધ રહ્યા હતા, જ્યારે જાપાનનો નિક્કી અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઊંચકાયો હતો. યુરોપના મુખ્ય બજારો બપોરના વેપારમાં ડાઉનટ્રેન્ડમાં હતા. દરમિયાન, આંતરરાષ્ટ્રીય ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૨ ટકા વધીને બેરલ દીઠ ૮૮.૧૭ ડોલર પર પહોંચી ગયું છે. શેરબજારના ડેટા મુજબ વિદેશી સંસ્થાકીય રોકાણકારો મૂડીબજારમાં ચોખ્ખા વેચાણકર્તા હતા. શુક્રવારે તેણે રૂ. ૩,૧૪૮.૫૮ કરોડના શેરનું વેચાણ કર્યું હતું. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૧૯ પૈસા ઘટીને ૭૪.૬૨ (પ્રોવિઝનલ) પ્રતિ ડોલર થયો હતો.

ગ્રામ્ય વિસ્તારમાં અનુસંધાન પાના ૮નું ચાલુ

કલોલમાં બોરીસણામાં ૩, ધાનજમાં ૫, નારદીપુરમાં ૫, પાનસરમાં ૧૦, ડિંગુચા, સઈજ, ધમાસણામાંથી ૨-૨ કેસ મળ્યા છે.

કલોલ શહેરમાંથી આજે વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત ગોલથરા, મોખાસણ, પલીયડ, રકનપુર, માધુપુર, કાંઠા ગામેથી પણ કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં બિલોદ્રામાં ૨, ઈન્દ્રપુરામાં ૨, લિંબોદ્રામાં ૨, સોજામાં ૨, અલુવામાં ૨ તેમજ માણસા અર્બુનમાં ૩ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત બાપુપુરા, ચરાડા, વ્યાસપાલડી, બોરૂ, ખરણા, ઈટાદરા, માણેકપુર, વેડા, પરબતપુરા, દેલવાડા, હિંમતપુરામાંથી પણ કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૬ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સુધરી રહ્યાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ત્રણ દિવસમાં ૧૫૦ કરતાં વધુ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩૯૪૯ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવાની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

આજે સે. ૨૨ માં અવસાન પામેલા બે સદગતો વચ્ચે ગજબનો આકસ્મિક સંયોગ..!!

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર ખાતે આજે એક અનોખો આકસ્મિક સંયોગ સર્જાયો હતો. આજે ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતે અડોશ પડોશમાં રહેતી બે વ્યક્તિઓ અવસાન પામી હતી જે બંને વ્યક્તિઓમાં કેટલીક સમાનતાઓ જોવા મળી છે તે ધ્યાન ખેંચનારી સાબિત થઈ રહી છે. ગાંધીનગરના સેક્ટર-૨૨ માં આજે ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં પ્લોટ નં. ૪૫૮/૧ ખાતે રહેતા મહેતા સંજયકુમાર કાંતિલાલનું ૫૫ વર્ષની ઉંમરે અવસાન થયું હતું જ્યારે બીજી તરફ એજ સોસાયટીમાં પ્લોટ નં. ૪૫૯/૨ ખાતે રહેતા રાવલ સાહિલ કાંતિલાલનું ૫૨ વર્ષની વયે અવસાન થવા પામ્યું હતું. આ બંને સદગતોના પિતાનું નામ મિથુન રાશીમાં છે અને એક સરખું ''કાંતિલાલ'' છે જ્યારે બંને સદગતોના પોતે કુંભરાશીના છે. વળી, બંને સદગતોની વય પણ ૫૦ થી ઉપરની અને ૫૫ સુધીની છે તેમજ બંને બ્રાહ્મણ છે. આમ બે પડોશીઓ વચ્ચે નામની રાશી, પિતાનું નામ, જ્ઞાતિ અને સોસાયટીની સમાનતા સાથે બંનેના એક જ દિવસે થયેલાં અવસાન સહિતની સમાનતાઓ વચ્ચે સર્જાયેલો આકસ્મિક સંયોગ વિચારતા કરી મૂકે તેવો છે.

ગાંધીનગર મનપા દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી ખાતે ૭૩મા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવશે. આગામી તા. ૨૬ જાન્યુઆરીના રોજ સવારે ૧૦ વાગે મેયર હિતેશભાઈ મકવાણાના હસ્તે મહાનગરપાલિકાની કચેરી ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

એમ.એસ. યુનિવર્સિટીના ડૉ. મયંક ત્રિવેદી ઈન્ડિયન લાઈબ્રેરી અસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ

ગાંધીનગર, તા. ૨૪

એમ.એસ. યુનિવર્સિટીના લાઈબ્રેરીયન તથા સેનેટ મેમ્બર ડૉ. મયંકભાઈ ત્રિવેદીની ઈન્ડિયન લાઈબ્રેરી અસોસિએશનના વેસ્ટ ઝોનના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણુંક થઈ છે. તેમની નિમણુંક થતા ગ્રંથાલય જગતમાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવાઈ હતી. ઈન્ડિયન લાઈબ્રેરી અસોસિએશનના જે લાઈબ્રેરી પ્રોફેશનના વિકાસ માટે તથા અક્રોસ ઈન્ડિયા લાઈબ્રેરીને લગતા વિવિધ પ્રશ્નો હલ કરવા માટે ગ્રેડ બાબતે તથા આ મુશ્કેલીઓનો હલ અને લાઈબ્રેરીના કાર્ય કેવી રીતે સુદૃઢ કરવું તેને લગતી બાબતો માટે કોન્ફરન્સ, વેબિનારનું આયોજન કરવામાં આવે છે. આ સુપ્રસિદ્ધ અસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ ત્રિવેદી મયંકભાઈને ગ્રંથાલય પ્રોફેશન તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.